# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન**

**જાહેરખબર ક્રમાંક : 03 / ૨૦૨૬ – ૨૭**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસ વિભાગ માટે નીચે જણાવેલ ખાલી પડેલ જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતા તમામ જાતિના ઉમેદવારો પાસેથી તા.૨૫/૦૯/૨૦૨૬ ના રોજ ૨૩:૫૯ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | ચીફ ઓફિસર (ફાયર) |
|---|---|
| જગ્યાની સંખ્યા | બિન અનામત – ૦૧ |
| શૈક્ષણીક લાયકાત તથા અનુભવ | (1)(i) a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956, and completed the Divisional Officer's Course or the Fire Prevention Course recognized by the National Fire Service College, Nagpur, or<br><br>(ii) a degree of Bachelor of Engineering (Fire)/ Bachelor Technology (Fire)/ Bachelor of Engineering (Fire and safety)/Bachelor Technology (Fire and Safety) / Bachelor of Science (Fire) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; and<br><br>(2) Have above ten years' working experience in a whole time in the field of Fire Brigade out of which three years' experience on the post which can be considered equivalent to the post not below the rank of Chief Fire Office/ Additional Chief Fire officer / Deputy Chief Fire Officer/ Divisional Fire Officer in the Government/Local bodies / Government Undertaking Board / Corporation / Limited Company established under the Companies Act. 2013; |

(3) Possess the basic knowledge of computer application as prescribed In the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

(4) Possess physical and medical standards as mentioned in Appendix A; and

(5) Possess adequate knowledge of Gujarati or Hindi or both.

(6) The candidate appointed by direct selection shall be on probation for a period of two years

(7) (i) The candidate appointed by direct selection, shall during his probation period, be required to successfully complete the Divisional Officer's Course at the National Fire Service Collage or in the recognized institute or institution approved for the purpose.

Provided that, if the appointing authority is satisfied that the candidate could not successfully complete such Divisional Officer's Course in the stipulated period due to circumstances beyond his control, his probation period may be extended for one year and during the extended probation period he will have to successfully complete the training as specified by appointing authority:

Provided further that, if the candidate is not sent for Divisional Officer's Course due to administrative reasons, the period shall not be counted towards this stipulated period referred to in this rule:

(ii) Chief fire officer, Class I, who have been appointed by direct selection shall have to successfully complete such Divisional Officer's Course within two years of the date of appointment if he has not completed such Divisional Officer's Course.

Provided also that, a candidate appointed by direct selection, who have completed such Divisional Officer's Course successfully before his direct selection to the post, shall not be required to undergo such Divisional Officer's Course again.

❖ <u>અ.મ્યુ.કો.ના ફાયર ખાતમાં ફરજ બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ માટે</u>

(અ) ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર એન્જીનિયર્સ ઇંગ્લેન્ડના સ્નાતક

<u>અથવા</u>

(બ) ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર એન્જીનિયર્સ ભારતના સ્નાતક.

<u>અથવા</u>

| | |
|---|---|
| | (ક) નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુરનો એડવાન્સ ડીપ્લોમાં ધરાવનાર એટલે કે નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુરનો તેમણે ડીવીઝનલ ઓફિસર્સનો કોર્સ પાસ કરેલો હોવો જોઇએ.<br>અથવા<br>(ડ) એ.એમ.આઇ.એફ.ઇ. લંડન હોવો જોઇએ.<br>❖ કોર્પોરેશન હોય તેવા શહેર માટેના ફાયર બ્રીગેડમાં તેઓ નીચે મુજબ ઓછામાં ઓછો અનુભવ ધરાવતા હોવા જોઇએ.<br>(અ) ફાયર બ્રીગેડમાં ડે.ચીફ ઓફિસરના દરજ્જાથી નીચે નહીં તેવી જગાનો પાંચ વર્ષનો અનુભવ.<br>અથવા<br>(બ) સેકન્ડ ઓફિસરના દરજ્જાથી નીચે નહીં તેવી જગાનો આઠ વર્ષનો અનુભવ<br>❖ તેઓએ મેટ્રીક્યુલેશન પરીક્ષા અગર એસ.એસ.સી. પરીક્ષા અગર તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.<br>❖ ગુજરાતી ભાષાનું સામાન્ય જ્ઞાન હોવુ જોઇએ અને જો તે ન હોય તો મ્યુનિસિપલ કમિશનરને સંતોષ થાય તે રીતે નિમણૂંક તારીખથી બે વર્ષમાં તે ભાષાનું જ્ઞાન મેળવી લેવાનું રહેશે. |
| શારીરીક લાયકાત | ❖ ઉમેદવાર તમામ રીતે શારીરીક તંદુરસ્તી ધરાવતો હોવો જોઇએ. ઉપરાંત<br>❖ ઉંચાઈ ઓછામાં ઓછી ૧૬૫ સે.મી.<br>❖ છાતીનો ઘેરાવો ૮૧ સે.મી. અને ફુલાવેલ છાતી ઓછામાં ઓછી ૫ સે.મી.<br>❖ વજન ઓછામાં ઓછુ ૫૦ કિ.ગ્રા.<br>❖ આંખની દ્રષ્ટી : સારી જો ઉમેદવાર ચશ્મા પહેરતા હોય તો તેઓ ચશ્મા પહેર્યા વગર પ્રેક્ટીસ ફાયરડ્રીલ્સ કરી શકવાને શક્તિમાન હોવો જોઇએ. |
| પગારધોરણ | લેવલ ૧૨ પે મેટ્રીક્સ રૂ. ૭૮૮૦૦/૨૦૯૨૦૦ |
| વયમર્યાદા | ૫૦ વર્ષથી વધુ નહી સિવાય કે અ.મ્યુ.કોર્પો.માં ફરજ બજાવતા હોય. |

**Appendix-A**

Minimum Physical standards for the above post of Class I in the Fire and Emergency Service Department.

A.

| Caste / Category | Minimum Height in Centimeters | Chest (Minimum in Centimeters) | |
|---|---|---|---|
| | | Deflated | Inflated |
| Scheduled Tribes of Gujarat Origin | 160 | 81 | 86 |

| | | | |
|---|---|---|---|
| Candidates (Except Scheduled Tribes of Gujarat Origin) | 165 | 81 | 86 |

Note: Minimum expansion of chest when inflated shall not be less than 5 centimeters.

B. Candidates having any of the following physical defects shall not be fit for the post, Namely:

(i)Knock Knee (ii) Pigeon Chest (iii) Squint Eye
(iv) Flat Feet (v) Varicose Veins (vi) Hammer Tees
(vii) Fractured Limb (viii) Decayed Teeth (ix) Communicable or
(x) Skin Disease

C. The Medical Officer shall examine the candidate and issue the certificate of fitness taking into consideration the physical standards as mentioned above and also certify for the following matters, namely:

S H A P E I means
S: Psychological
H: Hearing
A: Appendage
P: Physical capacity for normal work
E: Eye sight
I: meant fit in all respects to perform normal professional functions under each of the above-mentioned heads

**-:ઉપરોક્ત જગ્યા માટે ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :-**

૧. સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૯૨ તા.૨૯/૦૯/૨૦૨૩ અને મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ ક્રમાંક: ૫૯૭ તા: ૩૦/૧૦/૨૦૨૩ અનુસાર બિન અનામત વર્ગના **(દિવ્યાંગજન વર્ગ સિવાયના)** ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) તથા આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ. જાતિ, અનુ. જનજાતિના **(દિવ્યાંગજન વર્ગ સિવાયના)** ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ પૂરા) ઓનલાઈન **તા:૨૭/૦૯/૨૦૨૬** સુધીમાં ભરવાના રહેશે. **(દિવ્યાંગજન વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેશે નહીં.)**

૨. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે.

- અરજીમાં દર્શાવેલ વિગતો અંગે ફેરફાર કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માંગે ત્યારે પ્રમાણપત્રો અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજૂ કરવાના રહેશે.
- પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદ્દબાતલ થવાને પાત્ર થશે.

૩. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા / ઇન્ટરવ્યુ / વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.

૪. એક ઉમેદવાર એક કેડર માટે એક જ અરજી કરી શકશે.

૫. એક કેડર માટે એક કરતાં વધુ અરજી કરશે તો આવા કિસ્સામાં ઓનલાઇન કન્ફર્મ થયેલ છેલ્લી અરજી જ માન્ય રહેશે. બાકીની અરજી રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે અને તે ઉપરાંત ભરેલ ફી ના નાણાં પરત મળવાપાત્ર રહેશે નહીં.

૬. જન્મ તારીખના પુરાવા માટે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ (શાળા છોડ્યાનો દાખલો) અથવા શાળાનો જન્મ તારીખ સાથેનો કોઈ પણ પુરાવો માન્ય રાખવામાં આવશે.

૭. ઉંમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૮. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય અથવા ટકાવારી દર્શાવેલ ન હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક ઉમેદવારે રજૂ કરવાનું રહેશે. જો ઉમેદવારે વિદેશની યુનિવર્સીટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા અંગેના જરૂરી આધારા પુરાવા સમય મર્યાદામાં રજૂ કરવાના રહેશે.

૯. જાહેરાતમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત / ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઇપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) તથા બજાવેલ ફરજોનો પ્રકાર/ મેળવેલ અનુભવની વિગતો સહીત માન્ય સંસ્થાનું ઇન્વર્ડ / આઉટવર્ડ નંબર તથા તારીખ સાથેનું જ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. માત્ર ઓફર લેટર કે એપોઇન્ટમેન્ટ લેટર

અનુભવના પુરાવા તરીકે અમાન્ય ગણાશે પરંતુ જો તેની સાથે વખતોવખત સંસ્થા દ્વારા અપાયેલ ઇજાફા કે પ્રમોશનના હુકમ, પગાર સંબંધિત પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી, તેની પૂરતી ચકાસણી કર્યા બાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવામાં આવશે. અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલટી, ઇન ચાર્જ (મૂળ હોદા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહી. ઉપરાંત અભ્યાસકાળ દરિમયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરિમયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી, ઇન્ટર્નશીપ વગેરે) માન્ય રાખવામાં આવશે નહી.

૧૦. તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી NMC/MCI/DENTAL COUNCIL/ CCIM/CCH/GNC વગેરે માન્ય છે, તેવુ યુનિવસીર્ટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે.

૧૧. <u>**રજીસ્ટ્રેશન**</u> : તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૧૨. અ.મ્યુ.કો.માં ફરજ બજાવતા કર્મચારીઓએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે છેલ્લા માસની પગારસ્લીપ રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત જો એક કરતાં વધુ હોદ્દા ઉપર ફરજ બજાવેલ હોય તો પ્રમોશન કે સિલેક્શનના હુકમની નકલ અવશ્યપણે રજૂ કરવાની રહેશે.

૧૩. મહિલા ઉમેદવાર જો તેમના પિતાને બદલે પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાતપણે રજૂ કરવાની રહેશે.

૧૪. મૂળ ગુજરાતના હોય તેવા અનામત જાતિના ઉમેદવારે અનામત જગ્યા ઉપર કે બિનઅનામત જગ્યા ઉપર અરજી કરવાની છે કે કેમ ? તે ઓનલાઇન અરજી ફોર્મમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે અને અનામત જાતિના ઉમેદવારો બિનઅનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોને બિનઅનામત જગ્યા ઉપર ઉમેદવારોને લાગુ પડતા ધારા-ધોરણો લાગુ પડશે.

૧૫. <u>અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ</u> :

- મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.
- ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઇસ્યુ કરેલ ઉપરોક્ત જાતિના સર્ટી.ને આધારે અનામત અંગેનો કોઇ પણ લાભ મળવાપાત્ર રહેશે નહી.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચૂક આપવી.
- ઉમેદવારે અરજી પત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં
- અનામત જાતિના ઉમેદવારે તેની જાતિ અંગેનું (અનુ. જાતિ, અનુ જનજતિ, સા.શૈ.પ.વ તથા આર્થિક રીતે નબળા વર્ગ (EWS/આ.ન.વ.) ગુજરાત સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ નમૂના મુજબનું સરકારશ્રીના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સદર પ્રમાણપત્ર ક્રમાંક અને તારીખ ઓનલાઈન અરજીમાં અવશ્યપણે દર્શાવવાના રહેશે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહીં થતો હોય તો જ મળવા પાત્ર થશે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનુ અંગેનું સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનું તા-૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરીશિષ્ટ-ક' મુજબનું અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરીશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા-૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ **ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર' ની મહત્તમ અવધિ (VALIDITY) ઈશ્યુ થયા - વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે પરંતુ આવુ પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈશ્યુ કરાયેલ હોવું જોઈએ.** જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઈશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.
- પરિણિત મહીલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિના આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેઓનું ઉન્નત વર્ગનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં.
- ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ ત્રણ નાણાંકીય વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા / વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જાણ કરવાની રહેશે. ઉમેદવાર / માતા-પિતા / વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યકિતગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઈડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા.૧૩.૦૯.૨૦૧૯ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઈસ્યુ (ISSUE) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઈ.ડબલ્યુ.એસ/ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઈસ્યુ થયેલું હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.
- સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય.
- ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૧૬. <u>**દિવ્યાંગજન ઉમેદવારો માટે**</u> :

- દિવ્યાંગજન વર્ગના ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.
- દિવ્યાંગજન વર્ગના ઉમેદવારે ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરવામાં આવેલ દિવ્યાંગતા અંગેનુ પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે.
- દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારોને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

- ઉમેદવાર શારીરીક અશક્તતા (દિવ્યાંગ) ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ રજુ કરેલ હશે તો જ તેવા ઉમેદવારને દિવ્યાંગજન ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદામાં અને અનામતનો લાભ મળવાપાત્ર થશે
- દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (A) થી (E) પૈકી કઈ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે :

  (A) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ

  (B) બધીર અને ઓછું સાંભળનાર

  (C) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસીડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

  (D) સ્વલીનતા(Autism), બૌધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

  (E) બહેરાશ-અંધત્વ સહીતની ખંડ (A) થી (D) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર (તા.૧૮/૦૬/૨૦૨૪થી મળેલ રાજ્ય સરકારની તજજ્ઞ સમિતિની મંજૂરી મુજબ) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| A | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | Exempt |
| B | બધિર અને ઓછું સાંભળનાર | HH (40% to 70%) |
| C | મગજના લકવા સહીતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસીડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ સહિતની હલન ચલનની વિકલાંગતા | AAV |
| D & E | (D) સ્વલીનતા (autism), બૌધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બિમારી.<br>(E) બહેરાશ-અંધત્વ સહીતની ખંડ (a) થી (d) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ | ASD.(M), SLD, MI, MD (B & C) |

[ABBREVIATIONS USED : B=Blind, LV= Low Vision, D=Deaf, HH=Hard of Hearing, OA= One Arm, OL=One Leg, BA=Both Arms, BL=Both Legs, OAL=One Arm and one Leg, CP=Cerebral Palsy, LC=Leprosy Cured, Dw=Dwarfism, AAV=Acid Attack Victims, MDy=Muscular

Dystrophy, SD=Spinal Deformity, SI=Spinal Injury, ASD=Autism Spectrum Disorder (M=Mild, MoD=Moderate), SLD=Specific Learning Disability, MI=Mental illness, MD=Multiple Disabilities.]

- જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.
- દિવ્યાંગ અનામત ઉમેદવારોને સા.વ..વિ.ઠરાવક્રમાક:સીઆરઆર:સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ તા.૧૭/૦૯/૨૦૨૧ મુજબ દિવ્યાંગજન ઉમેદવારોની અનામત રાખેલ જગ્યાઓ સામે પસંદગી પામેલ ઉમેદવારોને જે તે કેટેગરી (જનરલ, આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ.જાતિ, અનુ.જનજાતિ) માં સમાવવાના રહેશે.

૧૭. જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

૧૮. જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવાર માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઈ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પૂરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઈ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કૂલ ૨૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૧૫ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો જે તે કેટેગરીના ૦૫ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

૧૯. <u>મહિલા ઉમેદવારો માટે</u> :

- સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૧૧-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ-૨ (ભાગ-૧) ની જોગવાઇ મુજબ અ.મ્યુ.કો.માં ૩૩% મહિલા અનામતનો અમલ કરવાનો થતો હોય સ્ટે.કમિટી ઠરાવ નં.૨૦૮૩ તા.૧૨/૦૨/૨૦૨૬ તેમજ મ્યુ.કોર્પોરેશન બોર્ડ ઠરાવ નં.૧૧૬૮ તા.૨૪/૦૨/૨૦૨૬થી મહિલા ઉમેદવારો માટે અનામતની જોગવાઇ લાગુ પડશે. મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ

ગણવાનું નથી. આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી ઠરાવેલ મેરીટના ધોરણે વિચારણા થઇ શકે છે. આ જાહેરાત અન્વયે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

- સંબંધિત કેટેગરી માટેની આખરી પસંદગી યાદી તૈયાર કરતી વખતે મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (GENERAL, EWS, SC, ST, SEBC) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.
- સામાન્ય વહીવટ વિભાગના તા.૨-૯-૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ-૨, થી નકકી કરવામાં આવેલ મહિલા અનામત જગ્યાઓ માટેની કાર્યપધ્ધતિ ધ્યાને લઇ મહિલા અનામતની જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

૨૦. <u>વિધવા ઉમેદવાર</u> :

- ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું.
- વિધવા ઉમેદવારે પુન:લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ અને સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ વિધવા હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. જો ઉમેદવાર આ પ્રમાણપત્ર/ એફિડેવિટ રજૂ નહીં કરે તો વિધવા ઉમેદવાર તરીકેના મળવાપાત્ર લાભ આપવામાં આવશે નહી. અલબત્ત, અન્ય રીતે યોગ્યતા ધરાવતા હશે તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિચારણા કરવામાં આવશે
- વિધવા ઉમેદવારને સરકારની પર્વતમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.
- ઉક્ત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે. જેમણે ભરતી તથા નિમણૂક સમયે પુન: લગ્ન કરેલ ન હોય.
- કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે “વિધવા” ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે “વિધવા” બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને “વિધવા મહિલા ઉમેદવાર” તરીકેના લાભ આપવામાં આવશે

૨૧. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય, મોબાઈલ સર્વિસ બંધ

હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૨૨. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઇ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની તમામ પ્રકારની જાણકારી માટે અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in જોતા રહેવા વિનંતિ છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR Sheet, Answer key અ.મ્યુ.કો.ની વેબ સાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

૨૩. ઉમેદવારોએ લેખિત પરીક્ષા / ટ્રેડ ટેસ્ટ /ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

૨૪. પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટાફ સિલેક્શન કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૨૫. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતો તથા અ.મ્યુ.કો.ના વખતો વખત નિતિ-નિયોમોને આધિન રહેશે.

૨૬. ઉમેદવારે ઓનલાઇન અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે શરૂઆતની અસરથી નિમણુંક રદ્દ કરવામાં આવશે.

૨૭. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૨૮. આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૨૯. જાહેરખબરમાં દર્શાવેલ જગ્યા પર ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો હવે પછીની ભરતી પ્રસંગના રોસ્ટર અભિપ્રાયને આધીન રહેશે.

૩૦. જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રક્રીયા / લેખિત પરીક્ષા / ઓનલાઇન પરીક્ષા / ટ્રેડ ટેસ્ટ, ઇન્ટરવ્યુ માટે વિચારણામાં લેવા તે અંગે માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે. વધુમાં, લેખિત પરીક્ષા લેવાના સંજોગોમાં લેવાની થતી સંભવિત લેખિત / ઓનલાઇન પરીક્ષા ખ્યાતનામ સંસ્થા મારફતે જરૂર જણાયે એક કરતાં વધુ સેશનમાં / જુદા જુદા પ્રશ્નપત્રો અંતર્ગત વિભિન્ન પ્રશ્નોના સેટ મારફતે યોજવામાં આવશે. જે બાબતે ઉમેદવારો કોઇ તકરાર કરી શકશે નહી.

૩૧. જાહેરખબરમાં આગળની ભરતી પ્રક્રિયા અંતર્ગત ઉમેદવારોને માન્ય ગણવા અંગેની નીતી નક્કી કરવાનો મ્યુનિ. કમિશનરશ્રીનો આખરી નિર્ણય અબાધિત રહેશે.

૩૨. કોઇપણ સરકારી, અર્ધસરકારી, બોર્ડ, નિગમ, આયોગ વગેરે જેવી સંસ્થાએ અથવા અન્ય કોઇ નામાંકીત સંસ્થાએ ઉમેદવારને ગેરલાયક ઠેરવેલ હોય કે, સેવામાંથી ફરજીયાત નિવૃતિ, રૂખસદ કે બરતરફ કરેલ હોય તો તેની જાણ ઉમેદવારે કરવાની રહેશે.

૩૩. <u>ના વાંધા પ્રમાણપત્ર</u> :

- ગુજરાત સરકારના સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ અ.મ્યુ.કો. માં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે.
- કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions /bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે અરજી ચકાસણી/રૂબરૂ મુલાકાત સમયે નિમણૂક અધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

તા.૧૧/૦૯/૨૦૨૬

સહી : બંછાનિધિ પાની
મ્યુનિસિપલ કમિશનર

# -: <u>ઓનલાઇન અરજી ફી તથા તેની રસીદ અંગેની સૂચનાઓ</u> :-

## ❖ <u>બિન અનામત વર્ગના અને અનામત જાતિના ઉમેદવારો માટે :</u>

- ઓનલાઈન અરજી કરતી વખતે ફક્ત બિન અનામત વર્ગના તમામ ઉમેદવારોએ અરજી ફી રૂ. ૫૦૦/- અને તથા આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ. જાતિ, અનુ. જનજાતિના ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ પૂરા) ભરવાની રહેશે.

  **દિવ્યાંગ જન વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેશે નહીં.**

  **સૌ પ્રથમ ઉમેદવારે**

- https://ahmedabadcity.gov.in/AMCWEBREC/HRMS/FrmVacancyDetail.aspx લિંક પર જઈ, જે તે જગ્યા સામે દર્શાવેલ Apply Online પર કલીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર પર SMS આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.
- ઓનલાઇન અરજી સબમીટ થયેથી અરજી ફી ભરવા માટે સીધી જ એક લિંક ઓપન થશે. જેમાં જગ્યાનું નામ, એપ્લીકેશન નંબર અને જન્મ તારીખ ભરી Submit પર ક્લીક કરવાની રહેશે.

  જો કોઇ કારણોસર પેમેન્ટ લિંક ઓપન ન થાય તો નીચે દર્શાવેલ લિંક પર ક્લિક કરવી.
  **https://ahmedabadcity.gov.in/AMCWEBREC/HRMS/frmFeesPayment.aspx**

- Submit પર ક્લીક કર્યા બાદ ગેટ વે પસંદ કરી ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અથવા નેટ બેંકીગ થી પેમેન્ટની પ્રક્રીયા પૂર્ણ કરવાની રહેશે.
- મોબાઈલ નંબરમાં પેમેન્ટ સફળ થયાનો મેસેજ આવ્યા બાદ ફરી Recruitment & Results link ➡ Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.
- **જો ઉમેદવાર દ્વારા પેમેન્ટની પ્રક્રીયા પૂર્ણ કર્યા બાદ કોઇ કારણોસર પેમેન્ટ સફળ ન થાય તો, ઉમેદવારે ૩ કલાક બાદ જ બીજીવાર પેમેન્ટની પ્રક્રીયા કરવાની રહેશે.**

## ❖ <u>દિવ્યાંગ જનવર્ગના ઉમેદવારો માટે :</u>


- દિવ્યાંગજન વર્ગના ઉમેદવારોએ www.ahmedabadcity.gov.in પર જઈ Recruitment link પર જઈ, જે તે જગ્યા સામે દર્શાવેલ Apply Online પર કલીક કરી, તમામ વિગતો ભરી, અરજી સબમીટ કરવાની રહેશે. ત્યાર બાદ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર પર SMS આવશે. જેમાં ઉમેદવારનો એપ્લીકેશન નંબર દર્શાવેલ હશે.

**SMS મળેથી ફરી Recruitment & Results link ➡ Download Receipt માં જઈને ઓનલાઇન અરજીની રસીદ મેળવવાની રહેશે.**

# User Manual for Recruitment


## **Website Link:** http://ahmedabadcity.gov.in

Click On Recruitment and Result for Apply AMC Vacancies:




After Click on Recruitment and Result the Recruitment Page Are Open Like Below:

For Application Click on Apply Button:





| Sr.No. | Advt No. | Vacancy Name | Details | Vacancy Start Date | Vacancy End Date | Download Receipt | Download Call Letter | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Heritage_03/2023-24 | Assistant Architect | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | | Apply | Modify |
| 2 | Heritage_02/2023-24 | Conservation Architect | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 3 | Heritage 01/2023-24 | Director | View Details | 12/07/2023 09:00:00 | 05/08/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 4 | 17/2023-24 | Zoo Superintendent | View Details | 01/07/2023 09:00:00 | 15/07/2023 17:30:00 | Download Receipt | Download Call Letter | Apply | Modify |
| 5 | 16/2023-24 | MPHW (GUHP) | View Details | 15/05/2023 09:00:00 | 05/06/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |
| 6 | 15/2023-24 | Female Health Worker (GUHP) | View Details | 15/05/2023 09:00:00 | 05/06/2023 17:30:00 | Download Receipt | - | Apply | Modify |

After Click on Apply the Application Page Are Open Like below:


**Candidate Details -:** All Field Are Mandatory (*)

Only Enter That Number whose DND Settings Are Off. If The DND Settings Are on Of Your Mobile Number You Are Not Able to Getting OTP Or Messages Regarding This.




2.) **Additional Qualification -:** Click on Add Button to Add Multiple Records.
Note: In result type, if the candidate has Grade or CGPA, then the candidate has to enter equivalent percentage as per their university norms in the percentage column.

3.) **Language Knows -:** Click the Checkboxes to Select the Languages.





## 4.) Work Experience Details -:

- Click on Add Button to Add Record
- Candidate has to select from Current and Previous options.
- Click on Add button to add multiple records.

**After Fill the All Required Details, You Need To check the checkbox of agreement before The Click on Submit Detail Button.**

## 5.) Final Submission -:




**Note: Before** Click **Submit Document Button** You Need to Upload All the Required Document Which Are Mandatory.

- For Document Upload You Need to Choose File Button, And Click View Button to Open Your Document.
    - Upload The Candidate Passport Size Photo and Signature in JPG And PNG Format.
    - For Experience Letter combine all certificates in one PDF.

- After final submission, application number will be generated & candidate will receive confirmation message & application number on their registered mobile no.
    - After that the candidate can print the receipt.
    - Use this application number to reprint the receipt & for further communication.

**If In Case of When User Forget Their Application Number -:**

1.) Click On the Forget Application Id Link
2.) Below page will open after clicking on above link.





**For Getting Your Application Number:**

1. The User Needs to Select Vacancy name and Enter the Register Mobile Number or Email Id and Then Do the Submit.
2. Your Application Id Number Are Send to Register Mobile Number or Email Id.


**Note**: Register Mobile Number and Email Id Are That (where The Candidate Details Was Filled)

**For Modification of Application Before the Time Line You Need to Click on Modify Button for Further Changes.**




- Candidate has to select the above-mentioned link for fees payment.


**Below page will open after clicking on above link.**




- In above page Candidate has to select the name of the vacancy from the Vacancy Name Drop Down.
  - Enter the Application Number received on Mobile.
  - Enter Date of Birth and Click the Search Button.
  - After Then Click on Pay Fees Payment Button to Procced the Payment.

**Download Receipt of Your Application -:**

You Need to Click on Download Receipt Button.




Now below screen will be open for Download Receipt.




- Enter Application Number and Date of Birth to download receipt.